રૂસ્તમ અને શઘાદ્.

યાને

ઇરાંનના પેહલવાંન રૂસ્તંમનું મોત.

જેહાં પેહલવાંન રૂસ્તંમ પોતાના સાવકા ભાઇ શઘાદના
દગાનો ભોગ થઇ કેવી રીતે મરણ પામ્યો જેનું
સંગીત કિર્તન.

રચનાર, કથનાર અને પ્રગટ કરનાર,

ડી. એન. પટેલ.

પ્રથમ રજુ થયું.

મુંબઇની જશન કમીટી તરફથી એ૦ જી૦ ઇન્સ્ટીટયુટ મધે
રવીવાર તા૦ ૩ જી સપ્ટેમ્બર ૧૯૧૬.

આવૃતી ૧૦૦૦.

મુંબઇ ૧૯૧૬.

કિંમત આના બે.

"I expect to pass through this world but once. If therefore, there be any kindness I can show, or any good thing I can do to any fellow-Human Being, let me do it NOW: for <u>I shall not pass this way again."</u>

OMAR KHAYAM.

દુનીયાની બેવફાઇ.

(૧) ગાયન. દેસ. (મુસ્તઝાદ.)

સુતા છે કંઈ સેંકડો, દુનીયાની જફાથી,
લાચાર બનીને;
ચાલી ગયા કંઇ ખાકમે, દુનીયા બેવફાથી,
બેજાર બનીને—૧.

ગરચે તું બાગે-ગુલ બની, રહેશે જેહાં અંદર,
ખુશીઓથી બની તર,
એક રોજ તારી ખાક પર, ઉગી નિકલશે ખાર,
બિસમાર બનીને—૨.

શએર.

બાંધો રેતી પર બંગલા-બંગલી,
ઉમેદ ધરી દીન રાત,
પાવ પલકમા પટકઈ પડશે,
આ કાયાનો કાટ—૩.

માત, પીતા, પુત, ભગની, ભારજા,
સહુ મતલબના કોટ,
કાયા કાચી ક્યડાઇ જાશે,
જેમ ઘંટીમા લોટ—૪.

બંદગી કીધી જાલેજરે, સાંમે સ્વારના કુટુંબને સીમુરગે કરેલી આગાહીવાલી આફતમાથી બચાવી લેવા.

(૨) ગાયન. યમન-કલિયાન.

દુહો.

આગાહી કીધી સીમુરગે,
શું ફળીભુત તે થાય,
તારણ કર હે! તારણહારા:
થા સાંમે સ્વારને સહાય—૧.

તું લાજ શરમ રાખ સાહેબ,
ત્રીન દુનિયાનો પરવરદેગાર—૧.

તુંજ વંન હમુને કોણ ઉગારે,
ભવિશ ભરીયું છે વિપત અંધકારે,
ભાખ્યું ભવિશ છે બુરૂં અતી ભારે,
હાથો જોડી માગું મદદ ઓ ગાયેબ.-તું લાજ—૨.

ઉસકેરચો શવાદ્દ શાહે કાબુલને રૂસ્તમ સાંમે પ્રપંચ રચવા.

(૩) ગાયન. કાફી.

અરે રે તું, હાંમ ધરી કર દીલથી દુર દવા,
અરે રે હું, હાંમ કરી દેખાડું રંગ નવા.
અરે રે તું કર મંજુર, એ રંજુર,
પાવ પલકમા આફત હું કાબુલની કરૂ દુર,
ડરે કાં ધડકી દીલમે, કંપે તું બેજરૂર,
અરે સાંભલ શાહા સુરા,
દુશમન બુરા, થાશે ચુરા—હાંમ ધરી. ૧.
જાલ બિછાવું દગા—ઠગાની, ભરમભરી તું જાણ,
છંદ—ફંદની સુરંગ ફોડી, કરૂં કુલ્લે વેરાંન—હાંમ ધરી. ૨.

તારીફ કીધી પાખંડી શવાદ્દ શાહે કાબુલની દરબારમાં, પોતાના ભાઇ રૂસ્તમ પેહલવાંનની.

(૪) ગાયન. પીલુ.

ભાઈ દીલારાંમ મારો,
સુરવીર જંગે ન્યારો,
ખેંચી તીર કમાંન, કાહાડે કાબુલનુ ગુમાંન—ભાઈ દીલારાંમ—૧.
બુલંદ ચકબાલે, પરદુઃખ ટાલે,
બને મેજબાંન, તારા કાપી કાહાડે કાંન—ભાઇ દીલારાંમ—૨.

શએર.

તે છે અખ્તર, તે છે અનવર,
તે છે સહુનો શાહા—
તે છે ખુરશીદ, તે છે માહા,
જગને દે છે પનાહ—૧.

જેર થઇ છે જગ જેનાથી,
એવો સામે-સવાર,
હુમાવરાની, માજીન્દરાંની,
કાબુલ તાબેદાર—૨.

દરંન્દાંબી કરે દરકાર,
પરંન્દાંબી કરે પુકાર.

જવાબ દીધો શાહે કાબુલે શયાદને દરબાર મધે પોતાની તારીફમા, અને અપમાંન કીધું શયાદને શાહે કાબુલે.

(૫) ગાયન. પીલુ.

બની બુબખ કાં કરે તું બકારો,
કેમ બનીયો તું આજે નકારો—૧.

થયો હાલ હવાલે-શરાબને ખ્યાલે,
ઝેહેર પીઇ પીઇ કરે કાં પૂકારો—૨.

શએર.

બની મસ્ત તું ખુબ મહેફિલમે,
શરાબ પીઇને લાલ—
મને ખબર નહી હતી તહારી,
તું બનશે પંચાલ—૧.
ચહડી ખુમારી દેમાગે તારા,
ખુરશીદ માહા દેખાય-
જો કાબુલને છેડે રૂસ્તમ,
જડ મુળથી જાય—૨.
ભુલી ઉપકાર ગયો સંધો,
શરાબી તું થયો અંધો.

નિરાસ થઇ શવાદે અપમાન કીધું શાહ કાબુલને, અને ધમકી આપી કાબુલને ફના કરવાની.

(૬) ગાયન. પીલુ–બરવા.

જા જા જાલંમરે, બંધ જબાં
પલીદ કર તારી,
કરૂ કાબુલની ખુવારી—૧.
કરૂ સરજત રે તારી
ભારી બુલંન્દ અંધારી,
તારી શાહીને નાખું ઉખાડી—૨.

ચહડી દેમાગે ગઈ સૌદાઇ રે,
કિધી રૂસતમસે તેં ભુંડાઈ રે,
ધરી લિધી તેં ખુદમે ખૂદાઇ રે,
જન જો જો રે, લાવું કાબુલ પર સવારી,
તુને પળમે નાખું ઉખાડી—૩.

દુહો.

જાણી ગઇ કોઇ નાર જગતમે,
જબરો બદલગાંમ,
હસ્તી તારી છે રૂસ્તમથી,
તું તેનો ગુલાંમ—૧.
મસ્તાંનો થઈ ડોલે તખ્ત પર,
ખોઇ દઇને ઠાંમ,
રૂસ્તમને જોઈ ધ્રુંજે તારાં,
હડ ડડ હાડ તમામ—૨.

નિકલી ગયો શધાદ કાબુલથી જાબુલ તરફ, શાહે કાબુલ સાથ તરછોડ કરીને.

(૭) ગાયન. ખંબાવતી. (યા પ્રસંગાનુસાર.)

અરે શાહે કાબુલ એ બદલગાંમ,
ખુદાથી ડરીને જંબાં તારી ઠાંમ.

દિધું તુને જેણે શાહી ચમન,
તું બોલે છે તેને બુરા સુખન.
અગર તું બચે દોરે આસમાનથી,
છુટે નહી તું રૂસ્તંમ પેહલવાંનથી.

કફા થયો રૂસતમ શાહે કાબુલ ઉપર, અને ગુણ વણાનો મર્દ કેવો ગણાય તે સમજાવ્યું શયાદને.

(૮) ગાયન. સારંગ. (મારવાડ.)

ગુણ વંણ મર્દ ગણાય નહી,
જેમ સાગર વંણ પાણી;
ગુણ વંણ મર્દ ગણાય નહી.
જેમ નિમક વંણ વાણી—૧.
ગુણ વંણ મર્દ ગણાય નહી,
જેમ ચંદ્ર વંણ અંધારી;
ગુણ વંણ મર્દ ગણાય નહી,
જેમ નાથ વિના નારી.—૨.

કાંટો કાહડું રે કાબુલનો,
તારા કંઠને કાપું આજ—૧.
ગુણી જન ભુષણ ધીર અલબેલી,
સુરવીર ભુષણ સમશીર બેલી.
ગુણ વંણુ છળબળ પાખંડ ખેલી,
તજી તજી જગની લાજ–કાંટો—૨.

" ફના અંતે ફાંની, કરો રબ યાદ. "

(૯) ગાયન. ગૌરી અને કાલીંગડાની મીલાવટ.

મન માયા કર તું વિચારી,
તારી કાયા છે કેવી ઠગારી—૧.
કરશે પળમે પવન પર સવારી,
ઉડી જાશે તજી દીલદારી—૨.

પ્રાંણુ લે ભજી ભજી કિરતાર,
થાશે બેડો તારો પાર.
દુનીયા સ્વપનુ છે સંસાર,
બંધ થઇ આંખો તો અંધકાર.

શએર.

ચેત ચેત ચંચલ છે કાયા,
પાંણીનો પરપોટો,
રહેશે નહી ધન, ધાંમ 'ને જોબંન,
તજી દે અહમપદ ખોટો—ભજી ભજી—૩.

આ ધરતી પર અમર નથી તું,
ભલે હોય તું મોટો,
કાળ ક્રુર છે એવો કાતીલ,
પળમે દાબે તોટો-ભજી ભજી—૪.

શ્રાપ દીધો જેહાં પેહલવાંન રૂસ્તમે, દગલબાજોને ગારમા પરતાં.

(૧૦) ગાયન. ગૌરી.

આંખર આ દીન આવ્યો,
આખર નહી તે લાવ્યો—૧.

જે કરે જનને દગો,
જગમા તે અંતે ખ્વાર છે,
હકતાલાનો તે ઉપર,
રાતો દીન ફિટકાર છે.—૨.

અફસોસ કીધો ગારમાથી જેહાં પેહલવાંન રૂસ્તમે શયાદ ઉપર.

(૧૧) ગાયન. ભૈરવી.

અરે ઓ કજા મારી, ઠગારી રે,
આખર આવી ખડી તું સાંમે, ધુતારી રે—૧.
અરે થાઈ ભાઇ, બનીયો કસાઇ,
મારી મને તું મરજે પુકારી, પુકારી રે—૨.

શએર.

નામ તેનો તેનો નાશ જગતમા,
નથી કજાનો ગંમ,
ગયા દંમ્પતી ધરતી છોડી,
(તો) જીવે કેમ રૂસતંમ—૧.
જરા દગો તું ખેલી જાજે,
કરશે તેવું ભરશે,
હુકતાલાનો માર તારી પર,
રોજે હશ્રમે પડશે—૨.

તાનાજીનીના સુખન કહ્યા શબાદે પોતાના ભાઇ જેહાંપેહલવાંન રૂસતમને, ગારને મડાલેથી.

(૧૨) ગાયન. ભૈરવી.

શએર.

જેહાં પેહલવાંન થઇને તું,
પડયો કેમ આવી આફતમા,
અરે રૂસતમ ગુજારી જીંદગી,
તારી હેમાકતમાં.
બની પેહલવાંન ઇરાંનનો તું,
પડયો કેમ આએ મહેનતમા,
હવે મુશ્કીલ એ તાહરી,
થશે આસાંન કિયાંમતમાં,

અરે રૂસ્તંમ—જફા ખતંમ.
ખતંગ જાલંમ, શોખ ચશંમ.

જવાબ દીધો જેહાં પેહલવાંન રૂસતમે, ગારમાથી શદાદને.

(૧૩) ગાયન. ભૈરવી.

શએર.

અરે શદાદ, એ બદકાર,
થયો જલ્લાદ હકિકતમા,
દગો દઇ નાખીયો રૂસતમને,
તુએ બલાગતમા.
થયું અંતે ઠીકાંણું રૂસતમનુ,
આએ તુરબતમા,
મગર તું કાંમ કરીને આ,
પડયો જગની લિયાનતમાં.

જેર રૂસતમ, દગો સિતમ,
સફર નવી છે, મુલ્કે—અદમ.

ફરીયાદ કીધી મરતી વખતે જેહાં પેહલવાંન રૂસ્તમે, પોતાની સરજત ઉપર.

(૧૪) ગાયન. જોંનપુરી.

હાય ! હાય ! હાય !
કર્મની ગત ન્યારી; ન્યારી! ન્યારી!—૧.
તન તન મહારા, ભોકાય ભાલા;
અરેરે હાય, જીવ જાય,
અંતે થાઈ ખ્વારી; હાય, હાય!—૨.

દુનિયાનો દસ્તુર એજ છે.

(૧૫) ગાયન. ગૌરી.

સરબસર દુનીયાનો બંન્દા,
જાણ એ દસ્તુર છે,
ખીલી રહી કરમઇ જવું,
આલમને મંજુર છે.
આ હાથે દેઇ આ હાથે લેઇ,
આખર સફર એક દીન કરો,
ઈન્સાફ હકનો હક છે,
જેવું કરો કરો તેવું ભરો.

ક્ષનભંગુર દુનિયા !

(૧૬) ગાયન ભૈરવી.

આ ખેલ ખલકનો ખોટો—ના છકી-છકી બન મોટો રે.
ચેત રે ? ચંચળ છે કાયા, પાણીના પરપોટો.
નામ ધરી લે ધરણી-ધરનુ, જમનો જબરો સોટો રે.
આ સંસારે રમી રમીને, બની રહયો ગળગોટો.
ચાર દીવસનુ કરી ચાંદણું, ભરે પાપનો લોટો રે.
કંચંન જેવી કાયા જોઈ, હસી-હસી તું મ્હાતો,
અંત કાળે સહુ મુકી અધુરૂં, જશે જમ સંગ રોતો રે. ૪
પ્રાણ પડશે પલક પળમાં, ગાફેલ ના રેહ સોતો.
ધ્યાંન ધરીને યાદ રાખતુ, જન્મ-મરણ છે જોટો રે. ૫
ગાંન તાંનમે ગૂંટઈ જઈને, રખે થતો તું છોટો,
પાપ પુન્યને સમજી લેજે, ના કર ગડબડગોટો રે. ૬

સમાપ્ત.

ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસમા, મી૦ માણેકજી જીવનજી તવરીઆએ છાપ્યુ છે
ઠેકાણુ-નંબર ૧. પારસી બજાર સ્ટ્રીટ, કોટ-મુંબઇ.
લખનાર અને પ્રગટ કરનાર, ડી. એન. પટેલ, ફોરાસ રોડ, મુંબઇ.